# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ.૦૧ તા.૨૫.૧૨.૨૦૧૭

-----------------

# જનતા જનાર્દનના આશીર્વાદથી સતત છઠ્ઠીવાર ગુજરાતમાં ભાજપાની સરકાર

-----------------

**આવતીકાલે તારીખ ૨૬ ડીસેમ્બરના રોજ રાજ્ય સરકારની શપથ વિધિ સમારોહમાં**
**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ,**
**ભાજપા શાસિત રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ તેમજ**
**કેન્દ્રીય મંત્રીશ્રીઓ અને કેન્દ્રના પ્રદેશ સંગઠનના**
**પ્રદેશ હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહેશે**

-----------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતુ કે, આવતીકાલે ૨૬ ડીસેમ્બરના રોજ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય સરકારના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સહિત મંત્રીમંડળનો શપથવિધિ સમારોહ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધીનગર, સચિવાલય ખાતે યોજાવાનો છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું કે, આવતીકાલે યોજનાર આ શપથવિધિ સમારોહ કાર્યક્રમમાં ભાજપા શાસિત રાજ્યોના મુખ્યમંત્રી સર્વશ્રી, શ્રી યોગી આદિત્યનાથજી-ઉત્તરપ્રદેશ, શ્રી મનોહર પરિકરજી-ગોવા, શ્રીમતી વસુંધરા રાજે સિંધિયાજી-રાજસ્થાન, શ્રી ત્રિવેન્દ્રસિંહ રાવત-ઉત્તરાખંડ, શ્રી સોનોવાલ-આસામ, શ્રી રઘુબર દાસ- ઝારખંડ વગેરે ઉપસ્થિત રહેશે. બિહારના નાયબ મુખ્યમંત્રીશ્રી સુશીલકુમાર મોદી, ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રીશ્રીઓ શ્રી કેશવપ્રસાદ મોર્યજી, શ્રી દિનેશ શર્માજી, જમ્મુ કશ્મીરના નાયબ મુખ્યમંત્રીશ્રી નિર્મલસિંગજી પણ ઉપસ્થિત રહેશે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, અમારા વરિષ્ઠ નેતા અને સાંસદશ્રી એલ.કે.અડવાણીજી, કેન્દ્રીય મંત્રીશ્રીઓ સર્વશ્રી રાજનાથસિંહજી, શ્રી નીતિન ગડકરીજી, શ્રી રવિશંકર પ્રસાદજી, શ્રી પી.પી.ચૌધરીજી, શ્રી ડૉ. હર્ષવર્ધનજી, શ્રી રામવિલાસ પાસવાનજી, શ્રી રામદાસ અઠવલેજી, શ્રીમતી અનુપ્રિયા પટેલજી, શ્રી સાધ્વી નિરંજન જ્યોતિજી વગેરે ઉપસ્થિત રહેશે. પ્રદેશ પ્રભારી અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય મહામંત્રી સર્વશ્રી અરૂણસિંહજી, ડૉ. અનિલ જૈન, મંત્રીશ્રી તરૂણ ચગજી વગેરે ઉપસ્થિત રહેશે. પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, જીલ્લા/મહાનગરના હોદ્દેદારશ્રીઓ અને ભાજપાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

શ્રી વાઘાણીએ ઉમેર્યુ હતુ કે, આવતીકાલે સવારે ૦૯.૩૦ કલાકે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું અમદાવાદ એરપોર્ટ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા સેલ